અપીલ અરજી નં.૧૩૧/૦૮–૦૯ તા. ૧૮–૮–૦૮

અરજદાર: શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે ની તા.૨૮–૭–૦૮ ની અરજીથી સર્વે નં.૨૭ઈ /૨૪૮/૪ પ્લોટ નં.૧૦૦,૧૦૨,૧૦૩,ન્યુ હરિધામ સોસાયટી ૧૨૦ ફુટ બમરોલી રોડ સુરત ઉપર દુકાન બાંધવાનું કામ ચાલુ છે તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? પાર્કીંગ માટે જગ્યા છોડેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. કેટલા માળનું કામ ચાલુ છે તેની સવિસ્તાર વિગત તથા સદર બાંધકામની તા.૨૮–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૧/૨૦૦૮–૦૯

શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે ની તા.૨૮–૭–૦૮ ની અરજીથી સર્વે નં.૨૭ઈ /૨૪૮/૪ પ્લોટ નં.૧૦૦,૧૦૨ ,૧૦૩ ,ન્યુ હરિધામ સોસાયટી ૧૨૦ ફુટ બમરોલી રોડ સુરત ઉપર દુકાન બાંધવાનું કામ ચાલુ છે તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? પાર્કીંગ માટે જગ્યા છોડેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. કેટલા માળનું કામ ચાલુ છે તેની સવિસ્તાર વિગત તથા સદર બાંધકામની તા.૨૮–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબતે આપેલ માહિતી અધુરી તેમજ છુપાવવામાં આવેલી હોવાનું જણાવી. પ્લાન પાસ તથા માર્જીન જગ્યા અંગેની માહિતી આપેલ નહીં હોવાનું જણાવી જાહેર માહિતી ધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૬૨૮ તા.૧૨–૮–૦૮ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૫ તા.૨૭–૮–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ વિશેષ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ પત્ર નં.૬૭૭ તા.૨૭–૮–૦૮ થી અરજીની નકલ સહ અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મોકલેલ છે.

અરજદારે મુળ અરજીમાં માંગેલ માહિતી સર્વે નં.૨૭ઈ/૨૪૮/૪ પ્લોટ નં.૧૦૦,૧૦૨,૧૦૩ ન્યુ.હરીધામ સોસા.,૧૨૦ ફુટ રોડ, બમરોલી રોડ,સુરત ના બાંધકામ પ્લાન કેટલા માળનું બાંધકામ ચાલે છે પ્લોટ ઉપર દુકાનનું બાંધકામ ચાલે છે કે કેમ? સુમનપામાં પ્લાન પાસ કરાવેલ છે કે કેમ, બીયુસી મેળવેલ છે કે કેમ, પાર્કીંગ માટે જગ્યા છોડેલ છે કે કેમ,પ્લાન મુજબ બાંધકામ છે કે કેમ, પાસ હોય તો પ્લાનની નકલ આપો, ચાલતું બાંધકામ કયા શહેર વિકાસ અધિકારીના વિસ્તારમાં ચાલુ છે તેનું નામ વિગેરે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. જયારે તા.૨૮–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ તેની વિગત નં.સા.ઝોન/અકણ/૬૨૮ તા.૧૨–૮–૦૮ થી આપેલ માહિતી પ્લોટ નં. નં.૧૦૦,૧૦૨,૧૦૩ ન્યુ.હરીધામ સોસા.,૧૨૦ ફુટ રોડ, બમરોલી રોડ,સુરતવાળી મિલ્કત કબ્જેદાર તરીકે સાવિત્રીબેન વિરેન્દ્રકુમાર અગ્રવાલના નામે આકારણી દફતરે ખુલ્લા પ્લોટ તરીકે નોંધવામાં આવેલ છે આ પ્લોટ ઉપર ચાલતાં બાંધકામની તા.૨૮–૭–૦૮ સુધી આકારણી કરવામાં આવેલ નથી.અરજદારે અપીલ અરજીમાં પ્લાન પાસ અંગે માર્જીનની જગ્યા અંગે માહિતી આપવામાં આવેલ નથી તેમજ ગેરકાયદેસર બાંધકા અંગે રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આકારણી સબંધિત માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જયારે પ્લાન પાસ તથા માર્જીની જગ્યા સબંધિત માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ જણાતી નથી. આથી અરજદારને નહીં પૂરી પડાયેલ પ્લાન પાસ થયેલ છે કે કેમ? બીયુસી મેળવેલ છે કે કેમ? તથા પાર્કીંગ માટે જગ્યા છોડેલ છે કે કેમ? વિગેરે સબંધિત માહિતી આરટીઆઈ એકટની કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ — ડે.**કમિશ્નર(જનરલ),**
તારીખ : –૯ –૦૮. — **અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી ,ઉધના ઝોન......... જાણ તથા અમલ માટે
(૨) શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે,